# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત
Phone No: (0261) 2662902, Emailsuratdeo@gmail.com, Web – deosurat.org

જા.નં.મા-૨/૨૦૨૬/10420 તા.01/૦૮/૨૦૨૬

પ્રતિ,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ.સુરત

વિષય: "નારી વંદન ઉત્સવ"ની ઉજવણી કરવા બાબત.
સંદર્ભ: કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતના પત્રાંક: મઅબ/ના.વં.ઉ./કા.આ./૨૦૨૬-૨૭/૩૦૫૪-૩૦૬૮, તા.૨૯/૦૭/૨૦૨૬.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તા. ૦૧/૦૮/૨૦૨૬ થી તા. ૦૭/૦૮/૨૦૨૬ દરમિયાન "નારી વંદન ઉત્સવ-૨૦૨૬" ની ઉજવણી અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું સૂચવવામાં આવેલ છે.

આથી જણાવવાનું કે સંદર્ભિત પત્રમાં દર્શાવેલ તમામ પ્રવૃત્તિઓનું આયોજન કરી તેના ફોટોગ્રાફ્સ અને વિડીયોની સોફ્ટકોપીમાં deosurat5@gmail.com અને wco-wcd-sur@gujarat.gov.in ઈમેલ આઈડી પર સમયમર્યાદામાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ.સુરત

બિડાણ: સંદર્ભદર્શિત પત્ર

સવિનય નકલ રવાના:-

- માન. કલેકટરશ્રી, કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, સુરત.

## કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત.

તેજસ પરમાર IAS
કલેક્ટર અને જિલ્લા
મેજિસ્ટ્રેટ, સુરત.

E-Mail- collector-sur@gujarat.gov.in
Contact : +91 261 2655151/2652525
Fax : +91 261 2655757
પાંચમો માળ, 'બી' બ્લોક,
જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ,
સુરત-૩૯૫૦૦૧ (ગુજરાત)

મબઅ/ના.વં.ઉ/કા.આ/૨૦૨૬-૨૭ ૩૦૨૪ થી ૩૦૩૮ તા: ૨૯/૦૭/૨૦૨૬

વંચાણે લીધું.:- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરનો પત્ર નં.WCDWW/NVU/e- file / 260/2023/0466/yojna-2 તા:૧૫/૦૭/૨૦૨૬

**હુકમ :-**

ઉક્ત વંચાણ અન્વયે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા.૦૧/૦૮/૨૦૨૬ થી તા.૦૮/૦૮/૨૦૨૫ દરમ્યાન "નારી વંદન ઉત્સવ"ની ઉજવણી રાજ્ય તથા જીલ્લાઓ ખાતે કરવામાં આવનાર છે. જે બાબતે તા.૦૧/૦૮/૨૦૨૬ થી તા. ૦૮/૦૮/૨૦૨૬ દરમ્યાન જુદા-જુદા દિવસો મુજબના કાર્યક્રમના આયોજન માટેની રૂપરેખા ઉક્ત વંચાણ પત્રથી જાહેર કરવામાં આવેલ છે. ઉપરોક્ત સમયગાળા દરમ્યાન નીચેની વિગતો મુજબ મહિલા અને બાળ અધિકારીની કચેરી, સુરત સાથે સંકલન/સહભાગી થઇ કાર્યક્મો કરવા આથી આદેશ કરવામાં આવે છે. સદર કામગીરી નોડલ અધિકારી મહિલા અને બાળ અધિકારીશ્રી, સુરત (મો.૯૨૨૭૮-૯૮૯૩૭)સાથે સંકલન/સહભાગીથાઈ કાર્યક્રમો કરવાના રહેશે.

| ક્રમ | તારીખ અને દિવસ વિશેષ | વિષય | સહ નોડલ અધિકારીશ્રી નો હોદ્દો | કાર્યક્રમની સંભવિત રૂપરેખા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૦૧/૦૮/૨૬ | મહિલા સુરક્ષા દિવસ | ૧) મહિલા અને બાળ અધિકારીશ્રી, સુરત<br>૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,સુરત<br>૩) પોલિસ વિભાગ, સુરત | • ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫ અન્વયે જાગૃતતા સેમિનાર<br>• શી ટીમ દ્વારા સ્વ રક્ષણના વિવિધ દાવનું નિદર્શન અને સાયબર સેફ્ટી અંગે તથા પોલીસ દ્વારા શી-ટીમ વિશે જાગૃતિ<br>• ફોકસ ગ્રુપ: વિદ્યાર્થીનીઓ, NSS cadet, SHE Team, મહિલા સુરક્ષા સમિતિના સભ્યો, તેમજ મહિલાઓ |
| ૨ | ૦૩/૦૮/૨૬ | બેટી બચાવો બેટી પઢાવો દિવસ | ૧) મહિલા અને બાળ અધિકારીશ્રી, સુરત<br>૨) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, સુરત<br>૩) સમાજ સુરક્ષા અધિકારીશ્રી,સુરત<br>૪) બાળ સુરક્ષા અધિકારીશ્રી, સુરત | • શાળાઓમાં menstrual hygiene પર કિશોરીઓ સાથે સંવાદ<br>• Good touch bad touch તથા પોક્સો એક્ટ વિષય પર જાગૃતિ કાર્યક્રમ<br>• PC-PNDT Act અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ<br>• દિકરી વધામણા કિટ અને વ્હાલી દિકરી મંજુરી હુકમ વિતરણ<br>• મેંસ્ટુઅલ હાઇજીન કિટ વિતરણ<br>ફોકસ ગ્રુપ: કિશોરીઓ, શાળાના બાળકો,માતાઓ, સમાજ ના આગેવાનો, નવ દંપતિઓ, વગેરે |

11589

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | ૦૮/૦૮/૨૬ | મહિલા અને બાળ આરોગ્ય દિવસ | ૧)મહિલા અને બાળ અધિકારીશ્રી, સુરત<br>૨) પ્રોગ્રામ ઓફિસરશ્રી, ICDS, કોર્પોરેશન, સુરત<br>૩) પ્રોગ્રામ ઓફિસરશ્રી, ICDS જિલ્લા પંચાયત,સુરત<br>૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સુરત | • કિશોરી મેળા<br>• રોગ નિદાન કેમ્પ (એનિમિયા, કોરોના, બુસ્ટર ડોઝ રસીકરણ, પેપ સ્મિયર ટેસ્ટ,આયર્ન ફોલિક એસિડ ટેબ્લેટ વિતરણ, સેનેટરી પેડ, બી.એમ.આઇ. હિમોગ્લોબિન તપાસ, આરોગ્ય તપાસ વગેરે)<br>• પૌષ્ટિક વાનગીઓનું નિદર્શન તથા THR માંથી આરોગ્યપ્રદ વાનગી માટે રસોઈ શો આંગણવાડી કેન્દ્રો ખાતે<br>• મહિલાઓ અને યોગ જાગૃતતા શિબિર<br>• મેંસ્ટુઅલ હાઇજીન કિટ વિતરણ<br>ફોકસગ્રુપ: મહિલાઓ, કિશોરીઓ, સગર્ભા, ધાત્રી માતા |

ઉપરોક્ત "નારી વંદન ઉત્સવ"ની ઉજવણી તા.૦૧/૦૮/૨૦૨૬ થી તા.૦૮/૦૮/૨૦૨૬ સુધીના સમગ્ર કાર્યક્રમની બહોળી પ્રચાર-પ્રસાર સબબની તમામ આનુસંગિક કાર્યક્રમ દરમિયાન ફોટોગ્રાફી,વિડીયોગ્રાફી હાથ ધરી કાર્યક્રમ પુર્ણ થયા બાદ ઇલેટ્રોનિક અને પ્રિન્ટ મીડીયા મારફત યોગ્ય પ્રચાર પ્રસારની કાર્યવાહી નાયબ માહિતી નિયામકશ્રી,સુરતનાએ કરવાની રહેશે.

સુરત "નારી વંદન ઉત્સવ" ઉજવણીના આયોજન મુજબના અધિકારીશ્રીઓએ સદર ઉત્સવ અંતર્ગત જુદા જુદા દિવસોની ઉજવણી કરી કાર્યક્રમના દિવસે જ તેનો સંપુર્ણ અહેવાલ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી, સુરતને સોફ્ટ કોપીમાં wco-wcd-sur@gujarat.gov.in ઇ મેઇલ આઇડી પર મોકલી આપવાનો રહેશે.

બિડાણ:- કાર્યક્રમની રૂપરેખા.

Hparmar

જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેકટર,
સુરત

નકલ સવિનય રવાના:- (૧).માન.કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગ, બ્લોક નં.૨૦,જુના સચિવાલય,ગાંધીનગર તરફ જાણ સારુ.

પ્રતિ,
સંબંધિત અધિકારીશ્રી
..............................................................
..............................................................
..............................................................

૨/- હુકમની અમલવારી થવા સારૂ.